
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# મેળવવું હોય તો આપતાં શીખો




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# મેળવવું હોય તો આપતાં શીખો

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

કલ્પસાધનામાં હું તમને મદદ કરીશ, પરંતુ તમારે પણ એના માટે કંઈક કરવું પડશે. જો તમે કશું નહિ કરો અને ખાલી પૂજાપાઠ જ કરશો, તમારી અંદર સુધારો નહિ કરો, તો તમારો ઉદ્દેશ્ય કેવી રીતે રીતે પૂરો થશે ? આ શારીરિક કાયાકલ્પ થોડો છે કે જે ક્રિયાઓ કરવાથી પુર્ણ થશે ? આ તો આંતરિક કાયાકલ્પ છે. આંતરિક કાયાકલ્પ માટે તમારી મનઃસ્થિતિને, ચિંતનને, વિચારધારાને, આસ્થાઓને અને દૃષ્ટિકોણને પણ બદલવો પડશે. જો આ કાર્ય કરી શકો તો વિશ્વાસ રાખો કે બહારની મદદ પણ તમને જરૂર મળશે. સામાન્ય રીતે લોકો એવું માને છે કે દેવીદેવતાઓનાં ગુણગાન ગાવાથી આપણે ફાયદો ઉઠાવી શકીએ છીએ, પરંતુ લોકોનો આ ખ્યાલ ખોટો છે. દેવતાઓની કૃપા તો મળે છે, પરંતુ શરત પૂરી કર્યા વગર મળતી નથી. કુપાત્રને પ્રભુ કૃપા પ્રાપ્ત થતી નથી. પહેલાં પાત્રતા સિદ્ધ કરવી પડે છે. પછી જ ભગવાનની કૃપા અને સહાયતા મળી શકે છે. તમારે પણ આવો વિચાર કરીને ચાલવું જોઈએ. તમારે દેવોની કૃપાની આશા તો રાખવી જોઇએ, ગુરૂજીના આશીર્વાદની આશા રાખવી જોઇએ, ગાયત્રી માતાની કૃપા પણ તમને જરૂર મળશે એવો વિશ્વાસ રાખવો જોઇએ, પણ શરત પ્રમાણે તમારે તમારી પાત્રતા સાબિત કરવી પડશે, તો દેવતાઓ તેમને જરૂર મદદ કરશે, પણ જો પાત્રતા સિદ્ધ ન કરી, તો તમારે નિરાશ થવું પડશે. કુપાત્રોને દેવીકૃપા મળે એવી આશા રાખવી જોઇએ નહિ. દેવો પણ હોશિયાર હોય છે. મંત્રમાં પણ એવી શક્તિ હોય છે કે સુપાત્રોને જ ફળે છે. તમે પૂજાપાઠ કરો એ સારી વાત છે, પરંતુ પુજાપાઠથી દેવો પ્રસન્ન થાય એ મોટી ભૂલ છે. દેવો તો પૂજાપાઠ પાછળ રહેલી સાધકની ભાવના અને શ્રદ્ધાને જુએ છે. જો ભક્તની ભાવના સારી અને સાચી હોય તો નિશ્ચિતરૂપથી ફળ મળે છે.

આના માટે તમે વાદળના ઉદાહરણનું ધ્યાન રાખો. વાદળોની કૃપા કેટલી બધી છે ! વાદળો જેટલા ઉદાર દેવતા બીજા કયા છે ? વિના મૂલ્યે પાણી વરસાવે છે. જમીનની તરસ છુપાવવા કેટલું બધું પાણી વરસાવે છે, પરંતુ એ પાણીથી કોણ લાભ ઉઠાવી શકે છે ? વરસાદથી દરેક જગ્યાએ હરિયાળી છવાઈ જાય છે, પરંતુ પથ્થર પર ઘાસનું એક તણખલું પણ ઊગતું નથી. નદીની વચ્ચે રહેલો પથ્થર સેંકડો વર્ષ પાણીમાં જ પડી રહે છે, છતાં નદીના પાણીનો લાભ ઉઠાવી શકતો નથી કારણ કે તે જડ અને કઠોર છે, જ્યારે વરસાદના પાણીથી જમીનમાં હરિયાળી પેદા થાય છે. પ્રથમ વર્ગમાં પાસ થનારને સ્કોલરશીપ મળે છે, નાપાસ થનારને મળતી નથી. નાપાસ થનાર કહે કે અમારા પર દયા કરો, ઉદાર બનો. એવું ના કહેશો. આ દુનિયામાં દયાનું કે ઉદારતાનું એટલું મહત્વ નથી કે જેટલું પાત્રતાનું છે. તમારી પાત્રતામાં વધારો કરો.

ગુરુઓની કૃપા દરેક શિષ્યને મળતી નથી. ગુરુ પાસે માગવા માટે હજારો માણસો આવે છે અને નાની મોટી જરૂરીયાતો પૂરી કરાવી જતા રહે છે. ગુરૂ જે આપવા માગે છે તેના માટે પાત્રતા જોઇએ. રામકૃષ્ણ પરમહંસે પોતાની શક્તિ અને કૃપા વિવેકાનંદને આપ્યા હતા કારણ કે એમની અંદર પાત્રતાનો અંશ જોયો અને પોતાની આધ્યાત્મિક સંપત્તિ અમને સોંપી દીધી. માતા જાણે છે કે બાળકને કેટલા દૂધની જરૂર છે. એ પ્રમાણે જ એને આપે છે. માતા એની પાત્રતાને સમજે છે.

વૃક્ષો પોતાની ચુંબકશક્તિથી વાદળોને આપવા માટે મજબૂર કરે છે. એ કારણે જ જયાં વૃક્ષો વધુ હોય ત્યાં વરસાદ વધુ પડે છે અને રણમાં ઓછો પડે છે. લીબિયામાં થોડા વર્ષો પહેલાં એવું બન્યું કે વૃક્ષો કાપી નાખ્યાં એટલે વરસાદ ઓછો થઈ ગયો. દુષ્કાળ પડવા લાગ્યો. જ્યારે ફરી વૃક્ષો ઉછેરવામાં આવ્યાં ત્યારે ફરી નિયમિત વરસાદ પડવા લાગ્યો. એનો મતલબ એ થયો કે વાદળો વૃક્ષોના ચુંબકત્વથી ખેંચાય આવે છે. ખાણો કેવી રીતે બને છે તે તમે જાણો છો ? ખાણમાં થોડું લોખંડ, પિત્તળ, ચાંદી, સોનું વગેરે હોય છે. તે પોતાના ચુંબકત્વથી દૂરદૂર પડેલા પોતાના સજાતીય કણોને પોતાની તરફ ખેંચી લાવે છે અને મોટી ખાણો બનતી રહે છે.

જો આ વર્ષે સો ટન લોખંડ હોય તો આવતા વર્ષે બસો ટન થઈ જશે, કારણ કે તે ખાણ ચારેબાજુથી લોખંડ ખેંચે છે. એવી જ રીતે દેવતાઓની કૃપા થાય છે. એમની કૃપાને ખેચવી પડે છે, પ્રાપ્ત કરવી પડે છે. દેવો એમની જાતે આપે છે ? ના, પોતાની જાતે કોણ આપે ? બેંકવાળા ઉધાર પૈસા આપતા પહેલાં તપાસ કરે છે કે પૈસા બેંકને પાછા મળશે કે કેમ ? જો વિશ્વાસ ના હોય તો કોઈ કોઈને પૈસા આપતું નથી. સમુદ્ર પાસે કેટલી નદીઓ પાણી લઈને જાય છે અને કહે છે કે પાણી લઈ લો કેમ કે નદી જાણે છે કે અમારું પાણી સંગ્રહ કરી શકે તેટલી ક્ષમતા સમુદ્રમાં છે. બાષ્પીભવન દ્વારા એ પાણી વરસાદ રૂપે સમુદ્રને પાછું મળે છે.

નદીની જેમ દેવીદેવતા પણ શક્તિ આપી શકે છે, પણ દરેકને નથી આપતાં. જે માગે તેને ભગવાન આપી દે છે એવું નથી. જો નારિયેળ વધેરે, ૨૪૦૦૦ હજાર જપ કરે કે પાઠ કરે તેને ભગવાનની કૃપા અને વરદાન મળતા નથી. ભગવાન માત્ર તેમના ગુણગાન ગાવાથી ફોસલાઈ જતા નથી. સાથે કર્મ પણ કરવું પડે છે. તમે જે કર્મકાંડ કરો છો, જપ કરો છો, બીજા નિયમોનું પાલન કરો છો, તે આમ તો મહત્વની અને જરૂરી પ્રક્રિયા છે, પરંતુ તમે એવું ના માનશો કે માત્ર જપતપ કરવાથી કે ઉપવાસ કરવાથી તમને મોટો ફાયદો થઈ જશે. ફૂલ જ્યારે ખીલે છે ત્યારે ભમરા આવીને બેસે છે. મધ માટે મધમાખીઓનાં ટોળેટોળાં ફૂલોની આસપાસ ફરે છે. ક્યારે આવે છે ? જ્યારે ફૂલ ખીલે છે ત્યારે. ફૂલની જેમ જો તમે

તમારું જીવન મધમધતું બનાવો, તમારી પાત્રતાનો વિકાસ કરો, તમારી મનઃસ્થિતિ બદલો, તો ભગવાનની કૃપા તમને જરૂર મળશે, જે મેળવવા માટે તમે કલ્પસાધના કરો છો. ગુરુના આશીર્વાદ અને દાદાગુરુદેવના આશીર્વાદ મળશે અને તમારી ઇચ્છા જરૂર પૂર્ણ થશે.

પાત્રતાની પરખ દરેક જગ્યાએ થાય છે. તમે બાધા ન રાખો. આજીજી ન કરો, તમારી ઝોળી ના ધરશો. તમે એવી આશા ના રાખશો કે કોઈ માણસ અથવા ભગવાન તમારું કર્મકાંડ કે જપતપ જોઈને પ્રસન્ન થઈ તમને ન્યાલ કરી દેશે. તમને ઇતિહાસ ખબર છે ને ? શિવાજીને 'ભવાની' નામની એક તલવાર મળી હતી. કેમ મળી હતી ?

એમણે એમની પાત્રતા સાબિત કરી હતી એટલે મળી હતી. એમના ગુરુએ સિંહણનું દૂધ દોહી લાવવાની પરીક્ષા લીધી હતી. ગુરુએ કહ્યું કે જાઓ, સિંહણનું દૂધ લઈ આવો. શિષ્ય નિષ્ઠાવાન છે અને પોતાની ફરજ માટે પોતાનો પ્રાણ પણ આપવા તૈયાર છે એની ખાતરી થતાં ગુરુએ મા ભવાનીને પ્રાર્થના કરી કે એવી તલવાર આપો જે અજેય અને અક્ષય હોય. અર્જુનને ગાંડીવ ક્યાંથી મળ્યું હતું ? ઈન્દ્રએ આપ્યું હતું. અર્જુનને જ કેમ આપ્યું ? બીજા કોઈને કેમ ના આપ્યું ? ઈન્દ્રએ અર્જુનને આપતા પહેલાં તેની પરીક્ષા કરી હતી. આટલી કીમતી વસ્તુ વિશ્વસનીય માણસને, પ્રામાણિક માણસને જ આપી શકાય. અર્જુનની પરીક્ષા લેવા ઈન્દ્રલોકની સૌથી સુંદર યુવતી ઉર્વશીને મોકલવામાં આવી હતી. એ કામુક હાવભાવ કરવા લાગી અને લગ્ન કરવાનું કહ્યું. અર્જુને કહ્યું, "તમે તો મારી માતા સમાન છો અને હું તો તમારા ચરણોની રજ મારે માથે ચઢાવું છું. તમે એવું માનો કે હું તમારો પુત્ર છું. અર્જુનનો આવો જવાબ સાંભળી ઈન્દ્ર પ્રસન્ન થયા અને ઈન્દ્રએ નક્કી કર્યું કે આ વ્યક્તિ લાયક છે. તેને ગાંડીવ આપવું જોઇએ. ઈન્દ્રને જ્યારે વિશ્વાસ થઈ ગયો કે અર્જુન ગાંડિવને લાયક છે તો ઈન્દ્રએ પ્રસન્નતાપૂર્વક આપી દીધું.

તમને જલારામની વાત ખબર છે ને ? ભગવાન એમને ઘેર ગયા હતા અને એમને એક જોળી આપી હતી, તેમાંથી અક્ષય અન્નભંડાર ચાલે છે. એ વરદાન ભગવાને આપ્યું હતું. જે હજુ પણ ચાલુ જ છે. તમે જો વીરપુર જશો, તો આ સિદ્ધપુરુષના સ્થાનનો તમે અનુભવ કરી શકશો. ત્યાં અન્નની એ ઝોળી અત્યારે પણ લટકાવેલી છે. જલારામની એવી ઇચ્છા હતી કે મારે આંગણેથી કોઈ ભૂખ્યું ન જાય. ભગવાને એમની ઇચ્છા પૂર્ણ કરી. ઇચ્છાઓ અને મનોકામનાઓ તો બધા કરે છે, પણ એમની ઇચ્છાઓ કેમ પૂરી નથી થતી ? કારણ કે તેઓ પોતાની પાત્રતા સિદ્ધ કરવા નથી. જલારામબાપા પરિક્ષામાં પાસ થયા હતા. એમણે બે પ્રતિજ્ઞા કરી હતી કે મહેનત મજૂરી કરીશું અને ખેતીમાં જે ઉત્પાદન થશે તે સંતો અને દુઃખીઓ માટે ભોજનમાં વાપરીશું. જલારામબાપાનાં પત્ની આખો દિવસ ભોજન બનાવતા અને બાપા ખેતીવાડી સંભાળતા હતા. તેઓ અનાજ પેદા કરતા અને તેમના પત્ની બધાને ભોજન કરાવતા હતા અને જે મળે એ ખાઈને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

આ સંતની નિશાની છે. એમનું ચરિત્ર ઊંચું હોવું જોઇએ. ભકતનું ચરિત્ર ઊંચું ન હોય તો ? તો પછી આ કથા, કીર્તન, ભજનપૂજન, જપતપ, અનુષ્ઠાન બધું બેકાર છે. ના સાહેબ, અમે તો અખંડ કીર્તન કરીએ છીએ, જપતપ કરીએ છીએ, તમે આ બધું કરતા હો તો તમને મુબારક, પહેલાં તમે એક જવાબ આપો કે તમે તમારી પાત્રતાનો વિકાસ કર્યો છે ? ભગવાન ફક્ત બે બાબતો જુએ છે એક તો તમારી માનસિક પવિત્રતા અને પૂજા, જે તમારા મનને ધોવા માટેનો એક ઉત્તમ ઉપાય છે.

ભગવાનને પટાવી શકાતા નથી. ભગવાનની સાથે જોડાવાનો એક સીધો રસ્તો છે કે તમારી પાત્રતાનો વિકાસ ભગીરથની જેમ સાબિત કરો. ભગીરથ ગંગાને લાવવા ગયા હતા. એમને પાણીની જરૂર હતી. ખેતી મટો અને પોતાના બાપદાદાના ઉદ્ધાર માટે પણ. એનાથી પણ મોટી જરૂરિયાત હતી. આખા સંસારને પાણીની ભગીરથ પરમાર્થી હતા.

એમણે તપ કર્યુ. ગંગાજીએ તપસાધનાનું કારણ તપાસ્યું. એમની દાનત જોઇ. દાનતનો અર્થ છે પાત્રતા. ચિંતનનો અર્થ છે પાત્રતા. ચરિત્રનો અર્થ છે પાત્રતા. પાત્રતાને વિકસાવવી પડશે. દેવીદેવતાઓની કૃપાની કોઈ કમી નથી. કમી છે આપણા પાત્રતામાં. ગંગા હિમાલયમાંથી જ્યારે નીકળી તો કહ્યું કે હવે હું લોકોની તરસ છિપાવીશ, પશુપક્ષીની તરસ છિપાવીશ, ખેતીમાં હરિયાળી લાવીશ. મારો આત્મા કહે છે કે શ્રેષ્ઠ કામોમાં જીવન ખપાવી દેવું જોઇએ. ગંગાને ના પાડી કે તારું પાણી ખલાસ થઈ જશે, તું દેવાદાર બની જઈશ.

ગંગાએ કહ્યું કે જિંદગી સારા કામમાં ખપી જાય તો કોઈ વાંધો નથી. ગંગા જ્યારે નીકળી પડી તો હિમાલયે જોયું કે કેટલીક શાનદાર છોકરી છે ! એનું મન કેટલું મોટું છે ! એની ભાવના પરોપકારની છે. એને પાણીની કમી કદી નહિ પડવા દઉં. હિમાલયે ગંગાને વિશ્વાસ આપ્યો કે બેટી, તું સતત વહેતી રહેશે.

મારો બરફ ઓગળતો રહેશે અને તારી જરૂરિયાતો પૂરી થતી રહેશે. ગંગાને વહેતા વહેતા વર્ષો વીતી ગયા, પણ ક્યારેય પાણીની કમી પડી નથી.

તમે દેવીદેવતાઓની કૃપા મેળવવા માટે કલ્પસાધના કરો છો. તમને વિશ્વાસ હશે કે અમે ગાયત્રી માતાના જપ કરીએ છીએ, તેથી ગાયત્રી માતા કૃપા કરશે, ગાયત્રી માતાનો સ્વભાવ જ એવો છે કે તેઓ જરૂર મદદ કરે છે. તમને એ પણ વિશ્વાસ હશે કે ગુરુદેવ આશીર્વાદ આપશે, એમના પુણ્યનો એક અંશ પણ આપશે. તમે વિશ્વાસ રાખજો કે મેં મારી જિંદગીમાં હંમેશાં પુણ્યનો એક અંશ વહેંચ્યો છે. મને વહેંચવામાં ઘણો આનંદ આવે છે. લોકોને પોતે ખાય તો આનંદ આવે છે, પણ મને ખવડાવવામાં આનંદ આવે છે. મારી ઉપર બીજી શક્તિ છવાયેલી છે, જેના લીધે બ્રહ્મવર્ચસ અને આ શાંતિકુંજ બન્યું છે. એમની પ્રેરણાથી જ આ કલ્પસાધના સત્રમાં તમને બધાને બોલાવ્યા છે. શું એ તમને ખાલી હાથે જવા દેશે ? ના. આ ત્રણેય શક્તિઓ એવી છે, જે સતત તમને મદદ કરવા માટે તત્પર છે અને સાચા મનથી ઇચ્છે છે કે એ તમને કંઈક આપે. ગાય ખરા મનથી ઇચ્છે છે કે એ પોતાના વાછરડાને પોતાનું દુધ પિવડાવી દે. એ જેટલું ખાય છે, એનું જે દૂધ બને એ બધું જ દૂધ પોતાના બચ્ચાને પિવડાવી દે, પરંતુ બચ્ચું એનું પોતાનું હોવું જોઇએ. તમારે સંતના બાળક બનવું પડશે. તમારે ઋષિનું અને આધ્યાત્મનું સંતાન બનવું પડશે. એટલે તમારું ચિંતન, ચરિત્ર અને તમારું વ્યક્તિત્વ એવું જોવું જોઇએ કે જેથી દેવતાઓ હંમેશા તમને મદદ કરતા રહે. એના કરતાં ઓછામાં કામ બનશે નહિ. એટલા માટે તમારે ત્યાગ કરવો જ પડશે. તમારે તમારા દોષદુર્ગુણ છોડવા જ પડશે. તમારે ઉદાર બનવું પડશે અને તમારા દૃષ્ટિકોણની મહાનતા સાબિત કરવી પડશે.

ભગવાનને આપણે શું કહીએ ? તેઓ તો ઘણું આપે છે, પરંતુ પરીક્ષા લીધા વિના આપતા નથી. સુદામાનો કિસ્સો તમને યાદ હશે કે એકવાર સુદામા કૃષ્ણ ભગવાન પાસે કંઈક માંગવા ગયા હતા, પરંતુ માગતા પહેલાં કૃષ્ણ ભગવાને તેમની પોટલીમાં પૌંઆ હતા તે માગ્યા. કૃષ્ણ ભગવાને કહ્યું કે પહેલાં પૌંઆની પોટલી મારે હવાલે કરી દો, પછી બીજી વાત. જો તમે તમારી પોટલી ખાલી ન કરો તો હું પણ તમને શા માટે વરદાન આપું ? સુદામાની પોટલી ભગવાને છીનવી લીધી અને એ પૌંઆના બદલામાં દ્વારકાનું ધન સુદામાને ત્યાં પહોંચી ગયું. એ પૌઆરૂપી બીજ ભગવાનના ખેતરમાં વાવ્યું તો એમની જરૂરિયાત પૂરી થઈ.

જો સુદામાં પૌંઆ લઈને ના ગયા હોત, તો તેમને ખાલી હાથે પાછા ફરવું પડત. જો તમે આપો નહિ તો તમને મળશે ક્યાંથી ? એટલે પહેલાં આપવાની વાત વિચારવી જોઇએ. પહેલાં પોતાના દોષદુર્ગુણ શોધવાની વાત, પવિત્રતા વધારવાની વાત વિચારવી જોઇએ. જો તમે આટલું કરશો તો ભગવાનની મદદ તમને ચોક્કસ મળશે. તમારો મંત્ર ચમત્કારિક રીતે ફળશે. તમને અનુષ્ઠાનથી ઘણો ફાયદો થશે. ભગવાન તો દયાળુ છે. એ ન્યાલ કરી દે છે. એમણે દ્રૌપદીને ન્યાલ કરી દીધી હતી. તમને ખબર છે ને કે ભગવાને દ્રૌપદીનાં કેટલાં બધાં વસ્ત્રો પૂર્યા હતા ? તમે માગશો તો તમને આપશે ? ના, નહિ આપે. ભગવાન આવો પક્ષપાત કેમ કરે છે ? દ્રૌપદીએ સાબિત કરી દીધું હતું કે એને મેળવવાનો અધિકાર છે. તમે પણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત કરો. તમને દ્રૌપદીના જીવનની પેલી ઘટના યાદ હશે કે એકવાર દ્રૌપદી યમુનામાં નાહી રહી હતી એ જ સમયે એક મહાત્મા પણ યમુનાસ્નાન કરી રહ્યા હતા. તેમની પાસે બે લંગોટી હતી. હવાનો એક ઝપાટો આવ્યો અને લંગોટી પાણીમાં વહી ગઈ અને પહેરેલી લંગોટી ફાટી ગઈ. દ્રૌપદીએ જોયું કે મહાત્મા શરમના માર્યા ઝાડીમાં સંતાઈ ગયા છે. દ્રૌપદીનું મન પીગળી ગયું અને મદદ કરવાનું મન થયું. પોતાની સાડીના બે ટુકડા  કર્યા અને એક ટુકડો મહાત્માજીને મોકલાવ્યો અને કહેવડાવ્યું કે આની બે લંગોટી બનાવજો. તમારી લાજ ઢંકાઈ જશે અને અડધી સાડીથી મારું કામ પણ ચાલી જશે.

આ શું હતું ? આ દ્રૌપદીની ઉદારતા હતી, જે એનાં કપડાં સાથે જોડાયેલી હતી. કપડાંની કોઈ કિંમત હોતી નથી, પણ મન ઉદાર હોવું જોઇએ ને ? કપડું ભગવાનના ભંડારમાં ગયું તો લાખોગણું થઈ ગયું. ભગવાનનો નિયમ છે કે જે ઉદાર છે તેના માટે ઉદાર બનવું જોઇએ. જે માણસ દયાળુ છે એના માટે દયાળુ બનવું જોઇએ. જ્યારે દુઃશાસન દ્રૌપદીનું  વસ્ત્રાહરણ કરતો હતો, ત્યારે દ્રૌપદી માટે ભગવાનને કેટલાં બધાં વસ્ત્રો પૂરાં પાડયાં હતા ! કેટલી બધી મદદ કરી હતી ! તમે બધા પણ ભગવાનની કૃપા મેળવવા આવ્યા છો. તમારે પણ જો ભગવાનની કૃપા મેળવવી હોય તો તમારી એ ઇચ્છા વાજબી છે. એમાં કશું ખોટું નથી.

પ્રાચીનકાળમાં અસંખ્ય ભકતોને દેવીદેવતાઓએ સહાયતા કરી છે. વરદાન આપ્યા છે. તમને જરૂર મદદ મળશે, પણ એક શરત ભૂલશો નહિ. જો તમે શરત ભૂલશો તો તમે ખોટમાં રહેશો. નિરાશ થશો. પછી તમે કહેશો કે મંત્ર નકામો છે. દેવતા મિથ્યા છે. કેમ મિથ્યા છે ? જો તમારી પાત્રતાનો વિકાસ નહિ કરો, તો તમને બધું મિથ્યા લાગશે તમારાં ચિંતન, ચરિત્ર અને વ્યવહારને ઉત્કૃષ્ટ અને ઉદાર ના બનાવ્યાં તો તમે ખોટમાં જશો. એટલા માટે હું તમને અનુષ્ઠાન કરાવી રહ્યો છું, જેથી તમારું ચિંતન બદલાય, તમારું વ્યક્તિત્વ વિકસે અને તમારી અંદર કાયાકલ્પ થઈ જાય. ત્યારે જ દેવતા તમને મદદ કરશે. તમે તમારી અંદરના વિચારો અને દૃષ્ટિકોણને બદલવાનો પ્રયત્ન કરો. તમે તમારું ચિંતન બદલો, ચરિત્ર બદલો, તમારી રહેણીકરણી બદલો. પછી જુઓ કે તમારી ઉપર પહેલાં જે દેવતાઓ નારાજ હતા તે તમારા ગુલામ બની જશે. તમને બધી રીતે મદદ કરશે. તમને ગળે લગાવશે. તમને ન્યાલ કરી દેશે. એવો અનુભવ મેં પણ કર્યો છે. પહેલાં તમે આપો અને બદલામાં અનેકગણું પ્રાપ્ત કરો. બસ, આટલું જ કહેવાનું હતું. ૐ શાંતિ :

## સુપાત્ર પર જ દૈવી કૃપા વરસે છે.

એકવાર રામકૃષ્ણ પરમહંસને એક શિષ્યે પુછયું, "ગુરુદેવ ! એવું કયું કારણ છે કે એક જ મંત્ર અને એક સરખી ઉપાસના પદ્ધતિ અપનાવવા છતાં પણ એકને ચમત્કારિક શક્તિ પ્રાપ્ત થાય છે, તે રિદ્ધિસિદ્ધિઓનો સ્વામી બની જાય છે, જ્યારે બીજાને કોઈ લાભ મળતો નથી ?" પરમહંસે આના જવાબમાં નીચે પ્રમાણેની કથા સંભળાવી-

કોઈ એક રાજયના મંત્રીએ પોતાના જપતપથી વિશિષ્ટ આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરી. એની ચમત્કારિક શક્તિઓની રાજાને ખબર પડી. રાજાએ મંત્રીને બોલાવીને તેનું રહસ્ય પૂછયું, તો તેણે કહ્યું કે આ બધો ગાયત્રી મંત્રની ઉપાસનાનો ચમત્કાર છે. તેની ઉપાસના અને સાધના દ્વારા બધું જ પ્રાપ્ત કરી શકાય છે. રાજાએ તેને મંત્ર અને વિધિવિધાન પૂછયું અને તે પોતે પણ ઉપાસના કરવા લાગ્યો, એક વર્ષ સુધી તે જપ કરતો રહ્યો, પણ તેને મંત્રી જેવી સિદ્ધિઓ પ્રાપ્ત ના થઈ.

આથી તેણે નિરાશ થઈને મંત્રીને તેનું કારણ પૂછયું, મંત્રીએ જવાબ આપવાના બદલે રાજયના એક કિશોરને બોલાવ્યો અને કહ્યું, "બેટા ! રાજાના ગાલ પર એક તમાચો માર." મંત્રીએ તેને વારંવાર કહ્યું છતાં બાળકે એમ ન કર્યું. મંત્રીની ધૃષ્ટતા તથા ઉદ્ધતાઈ જોઈને રાજા ખૂબ ગુસ્સે થઈ ગયો. તેણે છોકરાને કડક અવાજે આદેશ આપ્યો, "આ મંત્રીને બે તમાચા માર." પેલા છોકરાએ મંત્રીને તરત જ બે તમાચા મારી દીધા. રાજાનો ચહેરો હજુ પણ ક્રોધથી લાલ હતો.

મંત્રીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, "રાજન્ ! ધૃષ્ટતા બદલ માફ કરજો. મેં આ બધું આપના પ્રશ્નના સમાધાન માટે જ કર્યુ હતું. આપના પ્રશ્નનો જવાબ આ જ છે. કોઈ અધિકારી પાત્રએ કહેલી વાત જ માનવામાં આવે છે. મંત્રજપનો ચમત્કાર પાત્રતાનો વિકાસ કરવામાં આવે ત્યારે જ જોવા મળે છે."

આ કથા સંભળાવ્યા પછી રામકૃષ્ણ પરમહંસે કહ્યું, "ઉપાસનાનું, મંત્રજપનું ચમત્કારિક ફળ મળે છે એવું સાંભળીને એક સ્ત્રી ઉપાસના કરવા લાગી. થોડોક સમય ઉપાસના કર્યા પછી તેને કોઈ વિશેષ લાભ ના થયો તો તે સંત પાસે જઈને બોલી કે દેવ ! ભગવાન બહુ પક્ષપાતી છે. તે કેટલાકને રિદ્ધિસિદ્ધિઓનો સ્વામી બનાવી દે છે અને બીજા કોઈકને કશું પણ નથી આપતો. આ સાંભળીને સંત જ્ઞાનેશ્વર હસ્યા અને કહ્યું કે બહેન, એવું નથી. ભગવાન સત્પાત્રોને જ વિશિષ્ટ વિભૂતિઓ આપે છે. કોઈપણ માણસ પોતાની પાત્રતાનો વિકાસ કરીને તેમને મેળવી શકે છે. સ્ત્રીએ કહ્યું કે તો પછી એમાં ભગવાનની શી વિશેષતા ? તેણે તો બધાને એકસરખું અનુદાન આપવું જોઇએ. સંત એ વખતે તો ચૂપ રહ્યા, પણ બીજા દિવસે સવારે તેમણે ફળિયાના એક મૂર્ખ માણસને પેલી સ્ત્રી પાસે સોનાના આભૂષણ માગવા માટે મોકલ્યો."

મૂર્ખે જઈને આભૂષણ માગ્યાં, પણ તે મહિલાએ તેને ધમકાવીને આભૂષણ આપ્યા વગર કાઢી મૂકયો. થોડીવાર પછી સંત જ્ઞાનેશ્વર પોતે તે સ્ત્રી પાસે ગયા અને બોલ્યા, "તમે એક દિવસ માટે મને તમારા આભૂષણ આપો. કામ પતી જતા તેમને પાછાં આપી દઈશ." પેલી સ્ત્રીએ કંઈ પણ બોલ્યા વગર પેટી ખોલી અને પોતાના કીમતી આભૂષણો સહર્ષ સંત જ્ઞાનેશ્વરને આપ્યા.

આભૂષણ હાથમાં લઈને સંતે પૂછયું કે થોડીવાર પહેલાં બીજો એક માણસ તમારી પાસે આવ્યો હતો તેને તમે આભૂષણ કેમ ના આપ્યા ? તો સ્ત્રીએ કહ્યું કે એ મૂર્ખને હું આભૂષણ કેવી રીતે આપું ? સંત જ્ઞાનેશ્વર બોલ્યા, "બેન ! જ્યારે તું તારા સામાન્ય ઘરેણાં વગર વિચાર્યે કોઈ કુપાત્રને આપતી નથી, તો પછી પરમાત્મા કુપાત્રોને પોતાના દિવ્ય વરદાન કેવી રીતે આપે ? તે તો વરદાન આપતા પહેલાં લેનારની પાત્રતાને બરાબર ચકાસે છે.

જો પાત્રતા ના હોય તો સાંસારિક જીવનમાં પણ કોઈને કશું મળતું નથી. પિતા પોતાનો સગો પુત્ર જો મૂર્ખ અને બેજવાબદાર હોય તો તેને પોતાની સંપત્તિ આપતા નથી.

માત્ર માગવાથી કશું મળતું નથી. કશુંક મેળવવા માટે તેનું મૂલ્ય ચૂકવવું પડે છે. કશું મફતમાં ક્યાં મળે છે ? ભિખારીને તો નગણ્ય જેટલું જ મળે છે. નોકરી પણ પાત્રતાના આધારે જ મળે છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આ જ સિદ્ધાંત લાગું પડે છે. ભૌતિક ક્ષેત્રની તુલનામાં આધ્યાત્મિક ક્ષેત્રમાં ખૂબ મહત્વપૂર્ણ, શક્તિશાળી અને ચમત્કારિક ફળ મળે છે. અમુક મહાપુરુષોને મળેલી સિદ્ધિઓ વિશે સાંભળીને લોકોના મોંમાં પાણી આવી જાય છે તથા તેમને એ પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ જાય છે, પરંતુ એના માટે યોગ્ય આધ્યાત્મિક પુરુષાર્થ ન કરી શકવાના કારણે તેમની એ ઇચ્છા પૂરી થતી નથી. પાત્રતાના અભાવે તેમને એ દિવ્ય આધ્યાત્મિક વિભૂતિઓ મળતી નથી. પાત્રતા વિકસિત થતાં વગર માગ્યે જ તે સિદ્ધિઓ સાધકને મળે છે. જે લોકો લૌકિક કામનાઓ તથા ઇચ્છાઓથી મૂકત હોય, નિસ્પૃહ અને ઉદાર હોય, જેમનું હૃદય દયા અને કરુણાથી ભરેલું હોય તેમને જ એ મળે છે. "માતૃવત્પરદારેષુ, આત્મવત્ સર્વભૂતેષુ" ની આસ્થાને જેમણે જીવનમાં ઉતારી છે એવા લોકો પર દેવશક્તિઓ રિદ્ધિસિદ્ધિઓની વર્ષા કરે છે.

સામાન્ય રીતે સાધનાને દેવીદેવતાઓને પ્રસન્ન કરવાનો ઉપાય માનવામાં આવે છે, પરંતુ દેવોની કૃપા પોતાની પાત્રતા, ઉત્કૃષ્ટતા, પવિત્રતા અને વ્યક્તિત્વની શુદ્ધતા સાબિત કર્યા પછી જ મળે છે.

કુપાત્રોને દૈવી કૃપા મળતી જ નથી અને જો કદાચ મળી જાય, તો તેઓ તેનો દુરુપયોગ કરીને બરબાદ કરી નાખે છે. અસુરોની સાધનાઓ શરૂઆતમાં તો ચમત્કાર બતાવે છે, પણ તેઓ સિદ્ધિના અહંકારમાં કુકર્મો કરે છે, તેથી તેઓ પોતે પણ નષ્ટ થઈ જાય છે.

કુપાત્રોને પણ મહત્વપૂર્ણ શક્તિ મળતી નથી અને જો મળે તો તે ટકતી નથી. માણસ પોતાના ભ્રષ્ટ વ્યક્તિત્વ અને દુષ્ટ આચરણના કારણે થોડાક સમયમાં જ તેને ગુમાવી દે છે.

સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે ત્યારે જે છીપોનું મુખ ઉપરની તરફ ખુલ્લું હોય તેમાં જ વરસાદનું ટીપું પડે છે અને મોતી પેદા થાય છે. કહેવાય છે કે સ્વાતિબુંદના કારણે કેળામાં કપૂર અને વાંસમાં વંશલોચન પેદા થાય છે, પરંતુ આ માટે પહેલેથી જ તેમણે પોતાની અંદર વિશેષતા પ્રાપ્ત કરવી પડે છે. મરેલાને તો અમૃત પણ જીવતો કરી શકતું નથી.  જીવિત વ્યક્તિ જ તેનું પાન કરીને અમર બની જાય છે. પથ્થરના ખડકો ઉપર આખું ચોમાસું વરસી જાય, છતાં પણ ઘાસનું એક તણખલુંય પેદા થતું નથી.

દૈવી અનુગ્રહ હોય કે પુરુષાર્થ દ્વારા મળતો વૈભવ હોય, એ બંનેય મેળવવા માટે સૌથી પહેલો પ્રયત્ન એ કરવો પડે છે કે પોતાની પાત્રતા, પ્રામાણિકતા અને પ્રતિભાને ઉચ્ચ કક્ષાની બનાવવામાં આવે. આ સિદ્ધાંત જે લોકો હૃદયંગમ કરી લે છે તેમને ભૌતિક અને આધ્યાત્મિક વિભૂતિઓ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ મળી જાય છે.